Gujrati (P)

(TL)

(2) 3140

૩૧૪૦
S. No. 62

વંદેમાતરમ્

જય સ્વદેશ　　　જય સ્વરાજ

# અમારો દેશ

3140

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.
ગુજરાત સાહિત્ય મંદિરના વ્યવસ્થાપક
કેશવલાલ ગોકળદાસ શાહ મુ. ભરૂચ.
ઠે. ફતેપોર બજાર.

સં. ૧૯૮૪　　　સને ૧૯૨૮

ત્તિ ૧ લી　　　પ્રત ૩૦૦૦.

NATIONAL ARCHIVES LIBRARY
No 3140
Date 25.3.72
GOVT. OF INDIA



# બે બોલ.

આજે પરમાત્માની કૃપાથી પૈસા સીરિઝ બીજી નીકળે છે
તેનું માન તમને છે કારણ કે હમારા હકો નામની પહેલી સીરીજ
ખરીદીને તમે મને મદદ ન કરી હોત તો આજે મારામાં હીંમત
નોતી કે આપની આગળથી અમારો દેશ એ નામની આ બીજી
સીરીઝ હું બહાર પાડી શકું મને આશા છે કે આપ મારા કામ
મદદ કરશોજ મદદ કરવાના બે રસ્તા છે એક તો જો આપ વેહેપા
હો તો આપની જાહેર ખબર મોકલીને મદદ કરી શકો છો અને આ
ઉપદેશકનું કામ કરતા હો તો આ ઉપદેશમાં પણ મારી જાહે
ખબર ફેલાવી શકો છો મારા કામમાં મદદ કરનાર વડીલશ્રી મો
નલાલ જેચંદ તેમજ મારી સાથે રહીને કામ કરનાર ભાઇશ્રી આ
ત્મારામ નારણદાસ તેમજ ભરૂચમાં પંકાયેલ પેઇન્ટર સ્વદેશ ભક્ત
... કાજી અને તેમની સાથે રહીને કામ કરનાર
...ચરતલાલ મુલચંદ પેઇન્ટરનો પણ આભાર મા
... જોઉં છું અને પ્રુફ સુધારવા તેમજ બીજા કામમાં મ
પુજ્ય મુરબ્બી વડીલ ભાઇશ્રી કરસનદાસ
... તેમનો પણ આભાર ...

# હમારા હકો.

## સાંભળજોરે સાંભળજો.

સાંભળજોરે સાંભળજો, સૌ વડીલ બંધુ સાંભળજો.
ન્હાનાએ ખાદી પેરી છે, વિદેશી મમતા ટાળી છે;
તમે સમજીને ખાદી ધારો, સૌ વડીલ બંધુ સાંભળજો.
તમે મોજ સોખ બહુ માણ્યા છે, નિર્ધનતાને દુખ આણ્યા છે;
તમે દેશનુ બુરૂ બહુ કીધુ, જીવતર તણુ સાર્થક ના કીધુ;
હવે ખાદી પેરી પાપ હરો, સૌ વડીલ બંધુ સાંભળજો.
હવે સુંદર ખાદી પેરીલો, સૌ વડીલ બંધુ સાંભળજો.
વિદેશીની બલ્લા મોટી, વળગી છે તમને એ ખોટી;
ઝાપડ મારી એને કાઢો, સૌ વડીલ બંધુ સાંભળજો.
સજ થાવો સ્વરાજ લેવાને, નીજ દેશ તણું હીત કરવાને;
અવસર આવ્યો છે ચેતી લ્યો, સૌ વડીલ બંધુ સાંભળજો.

---


## જોઇએ છીએ જોઇએ છીએ. જોઇએ છીએ.

ગામેગામ તેમજ શહેરોમાં, ગાડીઓમાં, સભાવોમાં ગાયનો વેચી શકે તેવા ચાલાક અને હુશીયાર ફેરીયાઓ જોઇએ છીએ.

લખો અગર મળો:—

ગુજરાત સાહીત્ય મંદિર
ઠે૦ ફતેપોર બજાર—ભરૂચ.

# વિદેશી કાપડના વેપારીને વિનંતી.

સાંભળજોરે સાંભળજો, કાપડીયા બંધુ સાંભળજ્યો.
વિદેશી કાપડ વેચીને, ઘર ઘરમાં એ ફેલાવીને;
તમે દેશની લક્ષ્મી લુંટી છે, કાપડીયા બંધુ સાંભળજ્યો.
વિદેશી વેપારી અંહી આવ્યા, કાપડીયા ત્યાં મદદે ધાયા;
નીજ દેશની ભકિત ભુલી ગયા, કાપડીયા બંધુ સાંભળજ્યો.
આમ દેશની અખુટ લક્ષ્મીને, પાસે રહી લુંટાવી તમે;
એ પાપનુ વળતર કાંઈક દીયો, કાપડીયા બંધુ સાંભળજ્યો.
તમ સાથે મોટું કલંક રહયું, તમ પુન્ય બધું ભરાઈ ગયું;
હવે જાગ્રત થઈને ચેતી લ્યો, કાપડીયા બંધુ સાંભળજ્યો.
હવે જાતે ખાદી વાપરવા, બહીસ્કાર વિદેશીનો કરવા;
ખાદી ભંડાર તમે ખોલો, કાપડીયા બંધુ સાંભળજ્યો.
ગાંધીની હાકલ વાગે છે, સૌપાસ મદદ એ માંગે છે;
શું આપ મદદની ના કેસો, કાપડીયા બંધુ સાંભળજ્યો.
સંપુરણ લડાઈ જામી છે, પણ આપ મદદની ખામી છે;
કસી કેડ તમે સાથે ચાલો, કાપડીયા બંધુ સાંભળજ્યો.

જુઓ દેશ દશા આંખો ખોલી, શોઠઈ ચહરથાઇ છે પોલી,
હવે દેશની વારે ધાવોને, કાપડીયા બંધુ સાંભળજ્યો.
અમે લાખો તમને ખટાવ્યા છે, વૈભવના સાધન દીધા છે,
હવે જરાકતો પાછું આપો, કાપડીયા બંધુ સાંભળજ્યો.
બહાદુર થઇને બહાર પડો, જીત નીશાન ડંકો હાથ ધરો,
તમે સ્વરાજના સીપાઇ બનો, કાપડીયા બંધુ સાંભળજ્યો.

---

## પરદેશી કાપડ છોડવા વીસે વિનંતી.

---

છોડી દીયોરે છોડી દયો, તમે વિદેશી કાપડ છોડી દયો.
વિદેશી કાપડને છોડો, પરતંત્રતા બેડી તોડો,
તમે સ્વતંત્રતા લેવા દોડો, તમે વિદેશી કાપડ છોડી દીયો.
ગૌમાંસ થકી જે બુરૂ છે, દારૂ સમ પાપી પુર છે,
દુર્ગણમાં એન અધુરૂ છે, તમે વિદેશી કાપડ છોડી દીયો.
તમે દયા ધર્મ સઉ પાળોછો, કીડી મંકોડી બચાવો છો,
પણ લાખો છોડ કપાવોછો, તમે વિદેશી કાપડ છોડી દીયો.
લાખોની લક્ષ્મી લેનારૂ, લાખોની રોજી હરનારૂં,
ઘર ઘરમાં ટંટા કરનારૂ, તમે વિદેશી કાપડ છોડી દીયો.

દુષ્કાળ દેશમાં લાવે છે, મરકીને પ્લેગ બોલાવે છે,
નીજ ધર્મ બધો ભુલાવે છે, તમે વિદેશી કાપડ છોડી દીયો.
ડાકણની પેઠ વળગે છે, લક્ષ્મીને જીવન ચુસે છે,
બધી હીંમતને લુટે છે, તમે વિદેશી કાપડ છોડી દીયો.
સ્વદેશી ખાદીને લાવો વિદેશીની બલ્લા કાઢો,
તમે સ્વરાજના ડંકા વગાડોને, તમે વિદેશી કાપડ છોડી દીયો.
તમે દલીલ ખોટી કરશોના, ભ્રમ શંકા દીલ ધરસોમાં,
તમે દેશના દ્રોહી બનશોના, તમે વિદેશી કાપડ છોડી દીયો.
આ દુલભ અવસર ઓળખજો, ગાંધી આજ્ઞા માથે ધરજો,
દુખ દાવાનળ દુર કરજો, તમે વિદેશી કાપડ છોડી દીયો.
આટાણું દેશ સેવાનું છે, આટાણે બહાદુર બનવું છે,
સ્વરાજ સપાટે લેવું છે, તમે વિદેશી કાપડ છોડી દીયો.

## ગઝલ.

આગયા પંજાબકા દીન હિંદવાસી જાગ જો,
આગયા દુખ દર્દકા દીન દેશ પ્રેમી જાગજો; આ ગયા ૧
હિંદીયો શુરા અરે પંજાબને સંભાળજો,
જલી યત્રાવી ડાયરે એ વાત દીલમાં ધારજો; આ ગયા ૨

લોહી રેડાયા અરે નિર્દોસ પંજાબી તણા,
લાજ સતીયોની લુંટાણી નારહી તેમાં ઘણા; આ ગયા ૩
પેટ ચલાવ્યા કેઈ કીધા કાંઇ પંજાબી હીરા,
ગોળીથી જલીયાનવાળા બાગમા મારી વીરા; આ ગયા ૪
તીર્થ ભુમીએ અમારી હિંદુને મુસલીમની,
પુંજશું માથે ચડાવી રાખ એ નિર્દોસની; આ ગયા ૫
હિંદનુ અપમાન પુરૂ હા થયું – પંજાબમા,
હિંદની મરદાનગી લુંટાઇ ગયું પંજાબમાં: આ ગયા ૬
દેશનુ ગૌરવ અને કીર્તી ફરીને સ્થાપવા,
શાન્તી રાખો સંપ રાખો નાની મોટી ન્યાતમા; આ ગયા ૭
ગાંધીની આજ્ઞા ચડાવો મસ્તકે સૌ પ્રેમથી,
મારવની વાત છોડો ખાદી ધારો સ્નેહથી; આ ગયા ૮
દેશના પ્રેમી બનો ખાદી શરીરે ધારીને,
દેશદ્રોહી ના બનો પરદેશ વસ્ત્રો પહેરીને; આ ગયા ૯
દેશની બરબાદી છે પરદેશી વસ્ત્રો થકી,
દેશની આબાદી વધશે રેટીયા ખાદીથકી; આ ગયા ૧૦
ખાદી પેરો ખાદી પેરો ખાદીની માળા ભજો,
રેટીયા ઘેર ઘેર ચલાવી ખાદીની માળા ભજો; આગયા ૧૧

## ગઝલ.

સતાવો શીદ જાલીમો, પ્રભુની બીક રાખોને
ભરીને નિતીથી ભાણું, પ્રભુની બીક રાખોને—સતાવો. ૧
અરે અભિમાની ઓ અંધા, વીચારીને કરજો ધંધા;
પ્રભુ તો તમને પુછશે, પ્રભુની બીક રાખોને—સતાવો. ૨
જુવાની તો જવાની છે, વૃથા તું શીદ ફુલાયે:
કરોને પુન્યના રસ્તા, પ્રભુની બીક રાખોને—સતાવો. ૩
મરેલાને તમે મારો, તપેલાને તમે તાવો;
છુંડેલાને તમે છુંડો, પ્રભુની બીક રાખોને—સતાવો. ૪
ભલે અમે ભુખે તો મરીયે, અમારી દેહને દમીયે;
તમારા પેટ તો મોટા, પ્રભુની બીક રાખોને—સતાવો. ૫
અમે આ જગતમાં આવી, કીધી છે પુન્ય કમાઇ;
તમે તો સ્વાર્થના ચેલા, પ્રભુની બીક રાખોને—સતાવો. ૬
તમારાથી થાય તે કરજો, જરી બાકી નહી રાખો;
પ્રભુની આણ છે તમને, પ્રભુની બીક રાખોને—સતાવો. ૭

---


### આ તમારા ભલાની વાત છે.

તમારી જાહેર ખબર આજને આજ ગુજરાત સાહીત્ય મંદિરમાં મોકલી આપો કારણ કે દર અઠવાડીયે ૩૦૦૦ (ત્રણ) હજાર તેના તરફથી ચોપડીયો નીકળે છે અને તે સસ્તી કીમતે વેચાય છે. એટલે તેનો ફેલાવો સારો છે. ભાવ ઘણાજ સસ્તા છે. માટે આજેજ લખી મોકલો.

ગુજરાત સાહીત્ય મંદિર—કતોપોર બજાર-ભરૂચ.

## સ્વરાજ લેવું સહેલ છે.

ખાદીના કપડા પેરો વીદેશી બાળી નાખો,

મારા ભાઇયો સ્વરાજ લેવું સહેલ છે. ૧

દેશભકતોનું કેવું ખાદી માથે લેવું—મારાભાઈ.
ગુલામી શાળા ત્યાગો ઝટપટ સ્વરાજ માગો—મારાભાઇ.
મહાત્માજી જેલે ગયા તમે શું બેશી રહયા—મારાભાઈ.
વરસ એક પુરૂ થયું કલંક આપણુને રહયું—મારાભાઇ.
કામ કરો તમે પહેલા ખાદી ઘરમાં લાવો વેલા—મારાભાઈ.
મસીદ ઉપર દીવો મહંમદ શૌકત ઘણું જીવો—મારાભાઈ.
મંદિર ઉપર દીવો મહાત્માજી ઘણું જીવો—મારાભાઇ.
આળસને તો તોડો રેંટીયાથી પ્રીતી જોડો—મારાભાઈ.
કજીયા કરી કોરટમાં ન જશો એતો ખાલી છે તમાશો—મારા.
ભાઈ ભાઇથી લડવું નકામા જુદા ન પડવું—મારાભાઈ.
સ્વરાજની નીસાની રેંટીયાની રાખો એંધાણી—મારાભાઈ.
અંત્યજને જુદા કરશો તો પોક મુકીને રડશો—મારાભાઈ.
કાળ ચાલ્યો જાશે લોકેણી તો રહી જાશે—મારાભાઈ.
દીન જાશે જા જા તેનકીરે તમારી મજા—મારાભાઈ.
તારીખ અઢારમી આજે મહીનો માર્ચ ગાજે—મારાભાઈ.
મહાત્માજી જેલ બીરાજે નોબત સ્વરાજની વાગે—મારાભાઈ.
દેશે સાચુ કહ્યું થોડામાં સમજી લેવું—મારાભાઇ.
ગોકળનો છે તંન ખાદી પેરો સર્વ જન—મારાભાઈ.
રવીવાર તો જાણું ભરૂચ બંદરમાં લખાણું—મારાભાઇ.

# આ પાનુ જાહેર ખબર માટે ભાડે આપવાનુ છે.

| ૧ વખતના | ૧ મહીનાના | ૩ મહીનાના |
|---|---|---|
| રૂ. ૨ | રૂ. ૭ | રૂ. ૧૮ |

| ૬ મહીનાના | ૧૨ મહીનાના |
|---|---|
| રૂ, ૩૦ | રૂ. ૫૪ |

હર અઠવાડીયે નવી નવી ગજલોની ચોપડી બહાર પડેછે અને ૩૦૦૦ તેની નકલો નીકળે છે કીમતમાં સસ્તી હોવાથી ફેલાવો સારો છે એક મહીનામાં ચાર વખત ત્રણ મહીનામાં બાર વખત છ મહીનામાં ચોવીસ વખત અને બાર મહીનામાં અડતાળીસ વખત નીકળસે. આજેજ લખોઃ—

ગુજરાત સાહીત્ય મંદીર

ફતેપુર બજાર—ભરૂચ.

## ગજલ ૭.

## તમારી પાસ માંગીસું.

હમારા હકનો હીસાબ, તમારી પાસમાગીસું.
પચાવી સૌ પડયા આજે, તમારી પાસ માગીસું; ૧
તમે મોજે મજા માણી, અમારાથી નથી છાની;
અમારી એ કમાણી તો, તમારી પાસ માગીસું: ૨
ભર્યા ભંડાર કર્યા પુરા, તીજોરીના ? ખ્યા તજીયા;
કર્યા નહી વાયદા પુરા, તમારી પાસ માગીસું: ૩
ભલાને ભોળીયા જાણી, અમારા વાલીએ સોંપ્યા;
નથી હીસાબ તો કરતા, તમારી પાસ માગીસું: ૪
તમે હુરગુણી તો પુરા, વ્યભીચારમાં તમે શૂરા;
કરયા નહી વચનો પુરા, તમારી પાસ માગીસું: ૫
અમારી જે હતી મીલકત, પચાવી સૌ પડયા આજે;
ઉડી ગયા તમે તેને, તમારી પાસ માગીસું: ૬
અમારૂ ખાઇને આજે, અમોને તો હબાવો છો;
ન પાછુ કેમ તે આપો, તમારી પાસ માગીસું: ૭
થયા જબરા અને જાડા, અમારૂ અન ખાઇને;
છતાં નથી ગુણ તો તમને, તમારી પાસ માગીસું: ૮
તમારૂ જો ભલુ ચાહો, અમારી વાત સ્વીકારો;
નથી ખોટું કહેતો હું તમારી પાસ માગીસું: ૯
કહે છે કે ૭ શા શેઠ, તમોને પોહોંચ હવે ઠેઠ;
નથી કરતા તમારી વેઠ, તમારી પાસ માગીસું: ૧૦

# આ પાનુ જાહેર ખબર માટે ભાડે આપવાનુ છે.

| | | |
|---|---|---|
| ૧ વખતના | ૨ મહીનાના | ૩ મહીનાના |
| રૂ. ૨ | રૂ, ૭ | રૂ, ૧૮ |
| ૬ મહીનાના | | ૧૨ મહીનાના |
| રૂ, ૩૦ | | ૫૪ |

દર અઠવાડીયે નવી નવી ગજલોની ચોપડી બહાર પડશે. અને તેની ૩૦૦૦ (ત્રણ) હજાર નકલો નીકળશે કીમતમાં સસ્તી હોવાથી ફેલાવો સારો થશે ભાવ ઘણાજ સસ્તા છે, તમારી જાહેર ખબર આજને આજ મોકલી આપશો,

લી૦ ગુજરાત સાહિત્ય મંદિર,

ફતેપોર બજાર-ભરૂચ.

## ગઝલ.

વિદેશી પાઘડી કેવી, નરકની ટોપલી જેવી;
શિરે કાં સાચવો એવી, વિદેશી પાઘડી વાળા.
વિદેશી પાઘડી કેવી, દુખીની ઠાઠડી જેવી;
ગરીબની ખોપરી જેવી, વિદેશી પાઘડી વાળા.
મુકી કાં પાઘડી માથે, હણો છો ધર્મને હાથે;
સહુ ફેંકી દીયો સાથે, વિદેશી પાઘડી વાળા.
ઘરેણે કાં મુકો માથું, કરો કા શીરનું સાટું;
ભરો કો નર્કનું ભાતુ, વિદેશી પાઘડી વાળા.
તમારી પાઘડી ફેરી, થઇ છે પાઘડી પુરી;
છતાં શું થઇ રહયા ઝેરી, વિદેશી પાઘડી વાળા.
મળી પર દેશનું મેલું, બધુ એક સાથમાં ભેળું;
થયું તમ શીરનુ સેલું, વિદેશી પાઘડી વાળા,.

---

(મુને જીમરકો પીઠીહું બસ ગમમે તારેયાર—રાગ)

હથીયાર વિનાના હિન્દ ઉપર ગોળીનુ શું તોફાન;
નિર્દોષ ઉપર સતાની ગોળી ક્રરે કાયરનુ કામ;

જલીયનવાળાના બાગે ડાયર હલકુ નહી લાજે,
ફ ર્વંજ રહયના લાજે રે સતાનુ શું ગુમાન;
પોકાર સુણુયોના કાને સત્તાથી ચડયો ગુમાને,
કહે તોપ ચલાવો ચોટ દઇને હુરો હિંદીના પ્રાણ;—હથીયાર
હિંદીપર ગોળી છુટી બહેનોની લાજો લુંટી,
બની ન્યાય અદાલત જુઠીરે લાવો સુ લુખાતાન—હથીયાર
બાળકને બળથી બાંધે મારે ચોટ ચાબુકો સાથે
પેટે ચલાવે સાનેરે એ હિંદ તણું અપમાન;
મોઠરેટ તજોને મસ્કા હવે નહી બનોને નફટા,
તજો માન ચાંદના ચટકારે હોય દેશ તણું અભીમાન;
હવે રેંટીયો હિંદી કાંતો અસહકારી જો તું થાતો,
મોહનનો મંત્ર એ સાચોરે થરથર હિંદુ મુસલમાન;
સુતરથી સ્વરાજ આવે વળી જેલથી મુક્ત બનાવે,
ગુલામી એ હઠાવેરે ફરકે સ્વરાજ નીસાન;

---

આવી નવી નવી ગઝલોની ચોપડીયો દર અઠવાડીયે નીકળે છે અને તેની કીમત ફક્ત એક પૈસો રાખવામા આવે છે. તમારા ગામમા પણ પૈસે તમને મલી સકસે માટે તમારા ગામમા જે ચોપડીવાળા હોય તેનુ સરનામુ લખો —

ગુજરાત સાહીત્ય મંદિર
કતાપોર બજાર—સુરત.

# મુરખને સીખામણ.

( રાગ ગઝલ )

જગત સૌ દુઃખથી છાયું, છતાં કોઈ આંખ ખોલોને.
બગી આ બીડીઓ પીવી, મુખેથી કોઈ બોલોને;
પલંગે ગાદલા નીચે, ખસીશ કે કોટને ખીસ્સે,
ધરી છે હાય ચો દીસે, છતાં કોઇ આંખ ખોલોને;
વરસ બે બે તણાં બાળક, પીએ છે હોંશથી બીડી,
છતાં મા બાપ ન રોકે, નથી એ હિંદની રૂઢી;
નથી શરમાતા લજવાતા, નથી કોઈ વાત ઊર લેતા,
છતાં કહીયે પોકારીને, ભલા કોઈ આંખ ખોલોને;
ઘણી ખાંસી ને ક્ષય થાયે, વળી બહુ મુખ ગંધાયે,
નવા વઇદો ખુશી થાયે; છતાં કોઇ આંખ ખોલોને;
નથી બીડી મુકાતી તો, તમે શું કાર્ય કરવાના,
નથી જો ચા તજાતી તો, તમે શું કાર્ય કરવાના;
વિદેશી બે કુલટા એ, દીધો છે દેશને બાળી,
છતાં આ હિંદ ભારતને, હજુએ લાજ ન આવી;
જણ્યા જો હોય જાણુતીએ, ન પીશો ચા અગર બીડી,
વિનંતી એટલી બાપુ, સુધારો હાલની રૂઢી:

ઇનામો.　　　　ખુશ ખબર.　　　　ઇનામો.

# મહાત્માઓની જડીબુટી શકિતનો

## મહારાજા

# શિવદત્ત સારસા પરેલા.

વાપરો. કારણકે તમારા શરીરમાં દાર કરી વસેલા રોગોને નસાડી મુકે છે. જેવાકે, આળસ, અજીર્ણ માથાનો દુખાવો, કમરનો દુખાવો, વીગેરે મટાડીને શરીરને સુખી કરે છે. કોઈ જાતનો લોહી બીગાડ માલુમ પડે કે તરત અમારો સારસા પરેલા વાપરો.

જો તમે તમારૂં પુરૂષત્વ ગમે તેવા કારણથી ગુમાવ્યું હોયતો, જો તમે તમારા ચહેરાનું નુર ગમે તેવી ટેવોથી ખોયું હોયતો તમારી ફરજ છે કે આજને આજ સારસા પરેલા વાપરો.

---

ઇનામો !　　　　ઇનામો !　　　　ઇનામો !

એક સામટી ચાર બાટલી ખરીદનારને એક ઘડીયાળનુ ઇનામ,

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૧૨ (ડઝન) | ,, | ,, | ચાંદીનુ |
| ,, | ૩૬ (ત્રણ ડઝન) | ,, | ,, | સોનાની પીન. |
| ,, | ૮૪ (આત ડઝન) | ,, | ,, | સોનાનુ ઘડીયાળ. |

એક બાટલીની કીમત રૂ. ૩) પોસ્ટેજ જુદુ.

સાધુ મહાત્માઓની કૃપાથી વ્યસ્થાપક—કે. બી. પરીખ.

શીવદત્ત સંગ્રહ—રાંદેર (સુરત.)